**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૮.૫ ડીગ્રી
લઘુતમ : ૧૦.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૪૮ ટકા

# આકરી ઠંડીમાં ચાની ચુસ્કી માણતા શહેરીજનો

## ચાની કિટલીઓ પર સવાર-સાંજ ભારે ભીડ : ચાનો ઉપાડ વધ્યો

ગાંધીનગર, તા.૧૮

સુંદર સવારની શરૂઆત છે
ચા
બપોરના તડકાની લાલી છે
ચા
ઢળતી સાંજનો શણગાર છે
ચા...

નામતો સાંભળ્યું જ હશે.. નામ જ શું તેના સ્વાદનો આહલાદક અનુભવ પણ કર્યો જ હશે. જો ના કર્યો હોય તો એકવાર તેનો સ્વાદ ચાખવા જેવો જ છે. પછી જો જો તમને પણ તેની આદત થઈ જશે. હા...હા... વાત ચાની જ થઈ રહી છે.

શિયાળાની સિઝનમાં શહેરની ચાની લારીઓ, ટપરીઓ, દુકાનો, ટી પોસ્ટ અને બીજી હાય ફાય જગ્યાઓ પર ચાના રસીકો જોવા મળી રહ્યા છે. જો કે સાચી મજા તો કાચના ગ્લાસમાં વરાળ નીકળતી હોય એવી ગરમ ગરમ ઘાટા રંગની રગડા જેવી કટિંગ પીવાની મજા કેંક ઓર જ છે અને એ પણ શિયાળાની સવારમાં મિત્રોની ટોળકી સાથે દીલથી ચાની સૂચકી મારવાની મજા અલગ જ હોય છે.

ચા પણ આપણી જિંદગી જેવી જ છે જેમ જેમ ઉકાળશો તેમ તેમ એ મસ્ત મજાની બનતી જશે પછી તેને માણવાની મજા આવે. ધીમા તાપ પર તપેલામાં પ્રથમ પાણી ઉકળતું હોય અને તેમાં ચાની પત્તીઓ નાંખીને ફરી તેને ઉકાળવામાં આવે તે ઉકળ્યા બાદ એક મસ્ત સોડમ આવે પછી તેમાં દુધ અને સ્વાદ અનુસાર ખાંડ ઉમેરવામાં આવે ફરી ધીમે ધીમે તેમાં ઉભરા આવે અને તેને પીવાની જે તલપ જાગે. જેમ જેમ ઉકાળો તેમ તેમ કડક અને મીઠી થતી ચાને તપેલીમાંથી રકાબી કે કપમાં ભરીને પીવાનો આનંદ મળે તે આહલાદક હોય છે.

સવાર હોય કે સાંજ સુખ હોય કે દુઃખ પરિવાર સાથે કે પછી મિત્રોનો સંગાથ હોય કોઈ માટે જોવાતી રાહ કે પછી કોઈ સાથે ગાળેલી મુલાકાત હોય, પરીક્ષાની તૈયારી કે પછી પરિણામનું ટેન્શન હોય ચા તો હરહંમેશ સંગાથ જ હોય છે. એમાં ફુદીનો કે પછી તુલસી હોય, આદુ હોય કે પછી મસાલાવાળી હોય એના સ્વાદમાં તો માત્ર એક જ ઉદગાર હોય આહ...! શું સ્વાદ છે! ત્યારે ગાંધીનગરમાં ચાની ફેમશ ટી પોસ્ટ વિશે વાત કરીએ. સરગાસણમાં આવેલ ફેમશ ખેતલાઆપા ટી જેમાં વર્ષોથી અગરસિંહ ચૌહાણ દ્વારા ટેસ્ટી ચા બનાવવામાં આવી રહી છે. દિવસભરમાં ૧૦૦ લિટર જેટલું દૂધ માત્ર ચા બનાવવામાં વપરાય છે. આ ખેતલાઆપા ટીની દુકાનમાં રેગ્યુલર ૮૦૦ થી ૯૦૦ ગ્રાહકો આવતા હોય છે. ગરમાગરમ દૂધમાં મસ્તાની ચાઈપત્તી નાંખીને ઘણા સમય સુધી તેને ઉકાળ્યા બાદ તેમાં એલચી પાવડર નાંખીને જે સ્વાદ આવે છે. ગ્રાહકો આ ચા પીવા માટે દરરોજ ત્યાં આવે જ છે. અને ગ્રાહકો ચાની સાથે ગરમાગરમ ગાંઠિયા, થેપલાની પણ મજા માણી રહ્યા છે. ખેતલાઆપા ટીની વાત કરીએ તો અમુક કારણોસર ઘણી બધી જગ્યાએ ખેતલાઆપા ટીનું વેચાણ ઓછું થઈ ગયું છે. પરંતુ અફવાઓને સ્થાન ન આપતા સરગાસણની ખેતલાઆપા ટી બાબતે વાત કરીએ તો તેમાં કોઈ ભેળસેળ કરવામાં આવતી નથી. પ્રેમથી ચા બનાવવામાં આવી રહી છે અને ગ્રાહકો માટે કોઈ ભેળસેળ વગર આ ચા તૈયાર થઈ રહી છે. જેનો સ્વાદ શહેરીજનોએ માણવો જોઈએ એ પણ શિયાળાના સમયમાં તો ખાસ ચાનો સ્વાદ માણવો રહ્યો. ખેતલાઆપા ટી ઘનશ્યામસિંહ ચૌહાણની મહેનત અને મેનેજમેન્ટથી આજે સમગ્ર શહેરમાં પ્રખ્યાત ગણાય છે. મીનાબજારમાં આશરે ૧૦ થી ૧૧ ચાની નાની મોટી સ્ટોલ ચાલી રહી છે. જેમાં સરકારી કર્મચારીઓ બપોરના સમયે ચાની ચુસ્કી માણતા નજરે પડે છે. શિયાળો હોવાથી મોટાભાગના કર્મચારીવર્ગ ચાની દુકાનોમાં ચાની સાથે ગરમાગરમ નાસ્તો માણી રહ્યા છે. મિત્રો સાથે રાત્રી દરમિયાન શહેરના ફેમશ ટી પોસ્ટ, અપનાઅડ્ડા, ચાઈ જી, બાબારી, ટી સ્ટોલ પર ગરમાગરમ ચાની મજા માણી રહ્યા છે. શિયાળામાં સવાર હોય કે બપોરનો સમય હોય દરેકને ચાની યાદ આવી જાય છે. ચા પીવાથી ઘણા ફાયદા પણ થાય છે. આદુવાળી ચા મોટાભાગનાને પસંદ હોય છે. શિયાળાની ઋતુમાં ચાની સાથે ગરમાગરમ ભજીયાં કે દાળવડા જમાવટ કરે છે. કોરોનાના કારણે ગૃહિણીઓ ઘરે જ અલગ અલગ આયુર્વેદિક સામગ્રીઓ ઉમેરીને ચા બનાવીને પરિવારના સદસ્યોના આરોગ્યની કાળજી માટે બનાવી રહ્યા છે. મસાલવાળી ચા હોય કે આદુ, ફુદીના, એલચીવાળી ચા હોય આ વગર તો શિયાળાનો આનંદ જ અધૂરો લાગે.





## જન્મદિને વધામણી



ભવ્યા રાજન શાહ
મો. ૯૭૨૩૨ ૧૪૦૧૪




જિજ્ઞેશ વસંત રાવલ
સ્પેશિયલ એજ્યુકેટર
ફસ્ટએડ ટ્રેનર
મો. ૯૮૯૮૭ ૮૭૫૨૦



વિજયસિંહ વાઘેલા



ડો ગુલાબચંદ પટેલ
મો. ૮૮૪૯૭ ૯૪૩૭૭



સુનિલ રવિસિંહ રાજપૂત
મો. ૯૩૭૪૬૨૮૮૮૩



ઉત્તરાયણ હજુ હમણાં જ ગઈ. પરંતુ કપાયેલા પતંગ ઠેર ઠેર જોવા મળી રહ્યા છે. વૃક્ષો પર હજુ ઘણા બધા પતંગો અને દોરીઓ જોવા મળી રહી છે. આ દોરીઓ પક્ષીઓ માટે જાન લેવા સાબિત થઈ રહી છે. પક્ષીઓના પગમાં અને ગળામાં દોરીઓ ભરાઈ જતાં પક્ષીઓ અકાળે મૃત્યુ પામે છે. વૃક્ષો પરથી આવી કપાયેલી પતંગો અને દોરીઓને દુર કરવા સત્વરે કાર્યવાહી કરવી જરુરી છે.

## સ્વત્વ યોગા સ્ટુડિયો દ્વારા પૂર્ણિમા ધ્યાન કાર્યક્રમ યોજાયો

સ્વત્વ યોગા સ્ટુડિયો એન્ડ મેડીટેશન સેન્ટર દ્વારા દર પૂર્ણિમાની સંધ્યાએ યોજાતા નિઃશુલ્ક મેડીટેશન કાર્યક્રમની શૃંખલામાં પોષી પૂનમ નિમિત્તે સંસ્થા દ્વારા એક વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. વર્તમાનમાં



કોરોનાને અનુલક્ષીને જરૂરી નિર્દેશોને ધ્યાનમાં લેતા ફકત ઓનલાઈન માધ્યમે યોજાયેલ આ કાર્યક્રમમાં આશરે ૩૦ જેટલા નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. માસ્ટર ટ્રેઈનર ડૉ. આનલ રાવલ દ્વારા પ્રશિક્ષણાર્થીઓનું સુંદર માર્ગદર્શન કરી કાર્યક્રમને અસરકારક અને ઉપયોગી બનાવ્યો હતો.

## મુક્તિધામ ખાતે ૭ કબૂતરને સારવાર, ત્રણને ટાંકા લેવા પડ્યા



ગાંધીનગર તા.૧૮

ઉત્તરાયણ પૂરી થયાને ત્રણ દિવસનો સમય થઈ ગયો હોવા છતાં હજુ પણ શહેરના મકાનો, સ્ટ્રીટ લાઈટોને વૃક્ષો વગેરે પર લટકતી પતંગની દોરીના કારણે પક્ષીઓ ઘાયલ થઈ રહ્યાં છે. શહેરના સેકટર-૩૦માં મુક્તિધામ સ્મશાન ખાતે પણ જીલુભા ધાંધલ તથા તેમની ટીમ દ્વારા અબોલ પંખીઓની સેવા-સારવાર માટે વ્યવસ્થા કરવામાં આવી છે જ્યાં પતંગની દોરીથી ઘાયલ થયેલા ૭ કબૂતરને સારવાર આપવામાં આવી હતી જેમાંથી ૩ કબૂતરની પાંખ વધુ કપાઈ ગઈહોવાથી ટાંકા લેવા પડયાં હતા. જોકે આ તમામ કબુતરનો જીવ બચાવવામાં સફળતા મેળવી હતી.

## જે.એમ. ચૌધરીમાં અંગ્રેજી દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૮

જે.એમ. ચૌધરી સાર્વજનિક વિદ્યાલયમાં અંગ્રેજી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમા ઓનલાઈન વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. ધોરણ-૬નાં વિદ્યાર્થીઓ માટે બેસ્ટ હેન્ડરાઈટિંગ સ્પર્ધા અને ધોરણ-૭ના વિદ્યાર્થીઓ માટે વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. જેનો વિષય હતો માય ફેવરિટ ટીચર, હેલ્થ એન્ડ ફીટનેસ અને ઈમ્પોર્ટન્સ ઓફ ડિસીપ્લીન અને ધોરણ-૮ના વિદ્યાર્થીઓ માટે ઈન્ટરવ્યુ સ્પીચનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ મોટી માત્રામાં ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પાર્થ સારથિ દીપમાલાબેન, સોનાબેન ચૌધરી, શિલ્પાબેન ગોહેલે કર્યું હતું. પ્રથમ, દ્વિતિય અને તૃતીય નંબરે આવનાર વિદ્યાર્થીઓને ઓનલાઈન સર્ટીફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા.




## આઈઆઈટીઈ ખાતે સ્વામી વિવેકાનંદના જીવન પર પ્રકાશિત ગ્રંથોનું પ્રદર્શન યોજાયું



ગાંધીનગર, તા.૧૮

ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચર એજયુકેશનના ગ્રંથાલય ખાતે આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે તારીખ ૧૨ થી ૧૮ દરમિયાન સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિ અને રાષ્ટ્રીય યુવા દિન નિમિત્તે સ્વામી વિવેકાનંદના જીવન અને કવચ ઉપર પ્રકાશિત વિવિધ ભાષાઓના ગ્રંથોનું ગ્રંથ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આઈઆઈટીઈના કુલપતિ ડૉ. હર્ષદ પટેલે મુલાકાત લઈને સંસ્થાના વિદ્યાર્થીઓ, અધ્યાપકગણ અને કર્મચારીઓને ગ્રંથ પ્રદર્શનની મુલાકાત લેવા પ્રોત્સાહિત કર્યા હતા.

# પેથાપુરના સિદીકા મલેકને ‘ધ ગ્રાન્ડ બ્યુટી એવોર્ડ’



ગાંધીનગર, તા.૧૮

પેથાપુરના સિદીકા મલેકને ‘ધ ગ્રાન્ડ બ્યુટી એવોર્ડ’માં વિજેતા થવા બદલ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. તાજેતરમાં અમદાવાદમાં ધ ગ્રાન્ડ બ્યુટી એવોર્ડ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પેથાપુરના સિદીકા મલેકે ભાગ લીધો હતો. તેઓ પેથાપુરમાં શાન બ્યુટીકેર નામથી સલૂન ચલાવે છે. તેમણે આ સ્પર્ધામાં તન્વી અમીન (અમદાવાદના મોડેલ)નેસુંદર રીતે તૈયાર કરી હતી. આ સ્પર્ધામાં ૮૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જે અમદાવાદ, મુંબઈ, દિલ્હી, રાજકોટ, ભાવનગર, બાયડ, ભરૂચ, રાંધેજા વિગેરે સ્થળેથી આવ્યા હતા અને અવનવી કલાકૃતિ દર્શાવી હતી. આ સ્પર્ધા નેશનલ લેવલે યોજાઈ હતી અને સ્પર્ધકો પણ એકમેકથી ચઢિયાતા હતા. જેમાં પેથાપુરના સિદીકા મલેકે પ્રથમ વિજેતા બનીને પેથાપુરનું ગૌરવ વધાર્યું છે. આ સ્પર્ધામાં કવિતા પટેલ, સુહાસ માલવિયા, અલ્કા ગોવિન, લત્તા શર્મા ઓર્ગેનાઈઝર તરીકે રહ્યા હતા.

આ કાર્યક્રમમાં એકટર ઈષા કોપીકર અને ઝોયા અફ્રોજી ઉપસ્થિત રહ્યા હતા અને પ્રથમ વિજેતા બનેલ પેથાપુરના સિદીકા મલેકને એવોર્ડ એનાયત કર્યો હતો. સિદીકા મલેક પેથાપુર ઉપરાંત અમદાવાદમાં પણ મોટી સંખ્યામાં કસ્ટમર ક્રાઉડ ધરાવે છે તેમને સોશિયલ મીડિયામાં પણ ઘણા બધા ફોલોઅર્સ છે. આગામી સમયમાં તેઓએ મોટી સ્પર્ધામાં ભાગ લેવાની ઈચ્છા વ્યકત કરી હતી અને અત્યાર સુધી ૧૪ વર્ષમાં તેઓ ઘણા બધા ઈનામો મેળવી ચુકયા છે.



## રૂપાલ ગામમાં પ્રથમ મહિલા સરપંચે પોતાનો ચાર્જ સંભાળ્યો



ગાંધીનગર, તા.૧૮

રૂપાલ ગામમાં પ્રથમ મહિલા સરપંચ બન્યા છે. ગાંધીનગર તાલુકાના રૂપાલ ગામમાં ૧૯૫૨થી અત્યાર સુધીમાં અગાઉના ૨૩ સરપંચો બાદ પ્રથમ વખત વિલાસબેન ભરતસિંહ ચાવડા પ્રથમ મહિલા સરપંચ બન્યા છે. તેમણે ગઈકાલે ૧૦.૦૦ કલાકે હોદ્દાનો ચાર્જ સંભાળ્યો છે. તેઓને ગ્રામજનોએ ખૂબ જ મોટી સંખ્યામાં હાજર રહી શુભેચ્છા પાઠવી હતી. તેમજ તેઓ ગામના વિકાસમાં સક્રિય ભૂમિકા ભજવે તેવી શુભેચ્છાઓ વ્યકત કરી હતી.

## સરસ્વતી ઈન્સ્ટિટ્યુટ ઓફ ફાર્માસ્યુટિકલમાં સ્વામી વિવેકાદનંદની જન્મજયંતિની ઉજવણી



ગાંધીનગર, તા.૧૮

સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટિકલ સાયન્સ, ધણપ, ગાંધીનગર ના એન.એસ.એસ. યુનિટ દ્વારા શ્રી સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિની ઉજવણી માટે રાષ્ટ્રીય યુવા દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દિવસની ઉજવણી સંસ્થામાં વિવિધ પરંપરાગત રમતો જેમ કે કબડ્ડી, ટગ ઓફ વોર, લંગડી અને ઉભી ખો સાથે કરવામાં આવી હતી. દરેક સેમેસ્ટરના વિદ્યાર્થીઓએ દરેક રમતમાં ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો અને ખેલદિલી સાથે તમામ રમતો રમી હતી. ‘સ્વામી વિવેકાનંદનું જીવન અને ઉપદેશો’ થીમ સાથે ચિત્ર સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને ખૂબ જ સરસ ચિત્રો દોર્યા હતા. દરેક રમત અને ચિત્ર સ્પર્ધા માટે વિજેતાની ઘોષણા સાથે આ ઉજવણીનું સમાપન થયું.

## આજે સેકટર-૫-એમાં આયુર્વેદિક ઉકાળાનું વિતરણ

ગાંધીનગર, તા.૧૮

કોરોના મહામારીને ધ્યાનમાં લઈ સેકટર-૫ વસાહત મહામંડળ દ્વારા સેકટર-૫-એ ખાતે ઘનશ્યામસિંહ ગોલ તથા કાનજીભાઈ દેસાઈએ વસાહતીઓની સુખાકારી માટે આયુર્વેદિક મસાલેદાર ઉકાળાના વિતરણનું આયોજન કરેલ છે. બુધવારે સવારે ૮.૩૦ થી ૯.૩૦ વાગ્યા સુધી વિતરણ કરવામાં આવશે. દરેક વસાહતીઓએ ઉકાળો પીવાનો લાભ લેવા કેશરીસિંહ બિહોલા (પ્રમુખ), ઘનશ્યામસિંહ ગોલ, કાનજીભાઈ દેસાઈએ જણાવ્યું હતું. આ કાર્યક્રમ પ્લોટ નં. ૪૫૫/૧ તથા ૪૫૮/૧ની પાસે સેકટર-૫-એમાં યોજાશે.

## એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ઓનલાઈન ચિત્ર પ્રવૃત્તિનું આયોજન



ગાંધીનગર, તા.૧૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ઉત્તરાયણ નિમિત્તે ઓનલાઈન ચિત્ર દોરવાની પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૩, ૪, ૫ની વિદ્યાર્થીની બહેનોએ કોરા કાગળ, પેન્સિલ, રબર, સ્કેચપેન ડોકિયા-પેન્સિલિયા રંગ વગેરે વસ્તુનો ઉપયોગ કરી રસપૂર્વક પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો અને તેના ફોટા મોકલ્યા હતા. શાળાના સુપરવાઈઝર રાજેન્દ્રભાઈના માર્ગદર્શન હેઠળ શાળાના શિક્ષિકાબેન લતાબેન તથા શિક્ષક ચેતનભાઈના માર્ગદર્શન હેઠળ આ પ્રવૃત્તિનું આયોજન કરેલ હતું. આચાર્ય નીરૂબેન પટેલે વિદ્યાર્થીની બહેનોને પ્રવૃત્તિ માટે પ્રોત્સાહન આપી ઉત્તરાયણની શુભેચ્છા પાઠવી અભિનંદન આપ્યા હતા.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. પટેલ બાબુભાઈ શંકરભાઈ, ઉ.વ. ૬૬, મહુન્દ્રા
- સ્વ. પટેલ બળદેવભાઈ રામજીભાઈ, ઉ.વ. ૭૨, સેકટર-૨૧
- સ્વ. ઝાલા હરીચંદ્રસિંહ મુકેશસિંહ, ઉ.વ.૦૩, સેકટર-૨૩
- સ્વ. ઠાકોર રમેશજી બળદેવજી, ઉ.વ. ૭૦, બોરીજ
- સ્વ. રાઠોડ શાન્તાબેન મનહરલાલ, ઉ.વ. ૮૫, સેકટર-૨૭
- સ્વ. ઠાકોર વિષ્ણુજી શિવાજી, ઉ.વ. ૫૪, કોલવડા